Join Today... Varsha Patel's
Vadodara's Best
SINCE 1995
VARIANT
COOKING CLASSES
Certificate Course
15 Variety Cooking Classes
D/601, Smrudhi Satvik, Danteswar
M: 9426326389

।। આય વલો અસાંજો વતન, મૂંજી માતૃભૂમિ કે નમન ।।
Fortnightly E-Magazine
વડોદરાના કચ્છીઓનું
# સમાજ-દર્શન
પખવાડિક ઈ-મેગેઝિન
વર્ષ: ૨ • અંક: ૨૧ • સળંગ અંક: ૪૫ • ૨૧ ફેબ્રુ. ૨૦૨૬, શનિવાર • કુલ પાનાં: ૧૨ • કિંમત: નિ:શુલ્ક
Vadodarana Kutchionu Samaj Darshan • Mob: 9377124582 • Email: samajdarshan.mail@gmail.com

આપના મોબાઈલ પર આ અંકો નિયમિતરૂપે મેળવવા ગ્રુપ જોઈન કરવા અહીં ક્લિક કરો.






## શ્રી સચ્ચા માતાજીની પહેડી

વડોદરામાં વસતા ભાવિકો દ્વારા કુળદેવી શ્રી સચ્ચામાતાજીની ૩૩મી સમુહ પહેડીનું આયોજન વિ.સં. ૨૦૮૨ને મહા સુદ પુનમને રવિવાર તા. ૧.૨.૨૦૨૬ના શુભ દિને કરવામાં આવેલ. આગલા દિવસે દાતા પરિવાર તરફથી માતાજીના રાસ-ગરબાનું આયોજન કરવામાં આવેલ.

આ વર્ષની માતાજીની સમુહ પહેડીના લાભાર્થી દાતા સંઘમાતા નિર્મળાબેન કુંવરજી વસાઇયા લાલકા (લાલા હાલે વડોદરા) પરિવાર હતા. આ વર્ષની પહેડી માતુશ્રી રતનબેન કાંતિલાલ મોતા વિવિધલક્ષી ભવન, કે.ડી.ઓ. ભવન, વારસીયા રીંગ રોડ, વડોદરા ખાતે રાખવામાં આવેલ, જેના ભાવિકોમાં ક.દ.ઓ.જૈન, ક.વિ.ઓ.જૈન, કચ્છી વાગડ જૈન પરિવારોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી.

સવારે માતાજીની શોભાયાત્રા કાઢવામાં આવેલ. લાભાર્થી પરિવાર સાથે પૂ. માતાજીની પધરામણી થતાં તેમને પોંખ્યાં બાદ માતાજીની સ્થાપના કરવામાં આવેલ. આશરે ૩૦ ઉપરાંત નુખોના ભાવિકો માતાજીને નમે છે. કાર્યક્રમમાં સંગીતમય રજૂઆત કરતાં તૃપ્તિ શાહ અને સહકલાકારોએ રમઝટ જમાવી હતી. પૂ. માતાજીની ધુન સાથે શરૂઆત કર્યા બાદ માતાજીને શ્રીફળ-જુવાર ધરાવવામાં આવ્યા હતા.

ત્યારબાદ રાસ-ગરબા રમીને માતાજીને વધાવવામાં આવ્યા હતા. સમુહ પહેડીનો લાભ લેનાર દાતા પરિવારનું બહુમાન કરાયા બાદ માતાજીની આરતી થઈ હતી સાથે રાસ-ગરબા ફરી રમઝટ જામી હતી. કાર્યક્રમ બાદ બધાએ માતાજીના દર્શન કરીને પ્રસાદરૂપી ભોજન લીધું હતું. નિયાણી બહેનોને દાતા પરિવાર તરફથી ભેટ આપવામાં આવી હતી. આવતા વર્ષની એટલે કે ૩૪ મી પહેડીના દાતા માતુશ્રી જયાબેન નેમચંદ ગડા પરિવાર (મોટા લાયજા, વડોદરા) છે.

કાર્યક્રમના સફળ આયોજન માટે ધનજીભાઈ ગડા, કિશોરભાઈ ધુલ્લા, ખુશાલભાઈ ગડા, હસમુખભાઈ ગડા તથા દીલીપભાઈ ગડાએ સારી જહેમત ઉઠાવી હતી.






હાર્દિક શુભેચ્છાઓ સહ
રામજીભાઈ કેસરીયા
MICROFINE PRODUCTS
Mfg. of :
Bushes, Dowel Pins, Precision Components.
CNC Turned and Ground Shafts
797, GIDC Industrial Estate, Makarpura, Vadodara - 390010. GUJ.
Email : microfineproducts@gmail.com, microfineproducts@yahoo.com
Mob: +91 85111 63773

વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
આપના સમાજના સમાચારો
નિયમિતરૂપે મોકલાવો.
આપ સમાચારો-ફોટા-અહેવાલ
વોટસએપ નં. 9377124582 પર
અથવા
Email: samajdarshan.mail@gmail.com
પર મોકલાવી શકો છો.

વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
કચ્છી સાહિત્ય
તથા કચ્છની
અનોખી માહિતી
સાથે
ગુજરાતીમાં
સંસ્કારી સાહિત્યની
સિલેક્ટેડ કૃતિઓનો
અદભૂત ખજાનો
આપના
મોબાઈલ
પર
નિયમિત
ધોરણે
અંકો
મેળવવા
અહીં ક્લિક કરો








# શ્રી મહાકાલી માતાજીની પહેડી - મહાપૂજન

વિ. સં. ૨૦૮૨, મહા વદ ૧૪ ને રવિવાર તા. ૧૫.૨.૨૦૨૬ના શુભદિને શ્રી અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાલી માતાજીની ૧૫મી પહેડી-મહાપૂજનનું આયોજન માતુશ્રી રતનબેન કાંતિલાલ મોતા ભવન, કે.ડી.ઓ. ભવન, વડોદરા ખાતે કરવામાં આવેલ.

દર વર્ષે આયોજિત થતી આ પહેડી-મહાપૂજન શ્રી માતાજીના ઉપાસક પ.પૂ. યતીવર્યશ્રી મોતીસાગરજી મ. સા. દ્વારા કરાવવામાં આવે છે. આ વર્ષે સોનામાં સુગંધ સમાન મુંબઇમાં આયોજિત સમુહ પારણાંમાં નિશ્રા પ્રદાનાર્થે વિહાર કરી રહેલ શાસન પ્રભાવક, ૨૫ વર્ષીતપના તપસ્વી પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદી ઠાણા-૨ ની નિશ્રા મળતા સકળ સંઘને તેમના દર્શન વાણીનો લાભ પણ મળ્યો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં પૂ. માતાજીનું વાજતે ગાજતે આગમન થતાં તેમને પોખવામાં આવેલ તથા તેમની સ્થાપના બાદ ચુંદડી તથા હાર દાતા પરિવારો તરફથી ધરાવવામાં આવેલ. ત્યારબાદ યતિવર્યના મુખેથી પૂજન તથા દશવિધ પૂજા સાથે વિવિધ પ્રકારની અષ્ટોતરી પૂજા સંપન્ન થયેલ. તેની સાથે માતાજીના ગરબા તથા રાસની રમઝટ 'વૃષ્ટિ આર્ટ'ના આરતીબેન સાવલા તથા સાથી કલાકારોની સંગે સંગીતમય રીતે કરવામાં આવેલ.

મુનીશ્રી કલ્પતરૂસાગરજીએ મહાકાલી માતાજીની વડોદરા ક.દ.ઓ. સમાજમાં વર્ષોથી થતી પહેડીની અનુમોદના કરતા જણાવેલ કે વડોદરા માતાજીના બેસણા પાવાગઢથી સૌથી નજીકનું અચલગચ્છીય નગર છે જ્યાંના ભાવિકો તેમની દર મહિને ભાવના તથા દર વર્ષે પહેડી-પૂજન કરીને ઉત્તમ કાર્ય કરે છે. આ પ્રસંગે આચાર્યશ્રીએ આરીખાણાના વર્ધમાન શાહ-લાલન બંધુઓને માતાજીએ કઇ રીતે સહાય કરી હતી તેની વાત કરી હતી.

પૂજનના અંતમાં બધાએ ભેગા મળી આરતી કરી હતી. ત્યારબાદ પ્રસાદ-સ્વામી ભક્તિનો લાભ લઇ છુટા પડ્યા હતા. ઉલ્લેખનીય છે કે દર વર્ષે આ પહેડી સામુહિક રીતે દાતાઓના સહકારથી થઇ રહેલ છે જેમાં વડોદરા ઉપરાંત અન્ય ભાવિકો પણ ભાગ લે છે. પૂજ્ય યતીવર્યશ્રી ૮૨ વર્ષની વયે પણ આ કાર્યક્રમમાં હાજરી આપી માર્ગદર્શન આપતા રહે છે. કાર્યક્રમનું સંચાલન સર્વશ્રી શાંતીલાલભાઇ લોડાયા, ચંદ્રકાન્તભાઇ ખોના, કીશોરભાઇ ધુલ્લા, નરેન્દ્રભાઇ મોમાયા, કમલેશભાઇ નાગડા, તરૂણભાઇ નાગડા વિ.ના સહયોગથી સુંદર રીતે કરવામાં આવેલ.






# પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગર સૂરીશ્વરજી વડોદરામાં

અચલગચ્છ શાસન પ્રભાવક, ૨૫ વર્ષીતપના તપસ્વી પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા. તથા મુનીશ્રી કલ્પતરૂસાગરજીએ વડોદરા ક.દ.ઓ.સંઘમાં ટુંક સમય માટે નિશ્રા પ્રદાન કરેલ. તેમણે પાવાગઢની યાત્રા કરી હતી તથા મહાકાલીમાની સમુહ પહેડીમાં પણ નિશ્રા પ્રદાન કરેલ.





Rajmani 10

5BHK
LUXURIOUS
VILLA



***Truly a stately Lifestyle***

***Ultimate LUXURY awaits YOU***

***A stylish dream home with comfort & elegance.***

***Value added amenities***

B/h. Imperia Complex, Nr. Gotri Police Station, Gotri, Vadodara 390021

**Nagda Developers Pvt. Ltd.** • M.: 9375776943 | 8980645180

RAJMANI
RESIDENCY

3BHK LUXURIOUS FLATS




Fine Homes, Luxurious Lifestyle


A world of happiness created for you & your family

Spacious layouts with crafted amenities

B/h. Vakratund Palm, Nr. Nilkanth Heights, Sevasi TP 1 Canal Road, Vadodara 391101

**Nagda Developers Pvt. Ltd.** • M.: 9375776943 | 8980645180

# આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ




૨૧ ફેબ્રુઆરીને વૈશ્વિક સંસ્થા યુનેસ્કો દ્વારા 'માતૃભાષા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. યુનેસ્કો વિશ્વના સાંસ્કૃતિક પરંપરાઓને જાળવવા માટે બનાવવામાં આવેલ સંસ્થા છે. આવી અનેક પરંપરાઓમાંની એક છે 'માતૃભાષા'

બાળક જન્મે ત્યારથી દુનિયાને સમજતો થાય ત્યાં સુધી તેના ઘરના તથા આસપાસના માહોલને સમજવા માટે જે માધ્યમ વાપરે તે છે તેની માતૃભાષા. બાળક કચ્છી હોય કે ગુજરાતી, મરાઠી હોય કે બંગાળી. તેની માતૃભાષા જ તેને આ જગતનો પરિચય આપે છે. તે એક એવી સીડી છે જેના ઉપયોગથી એક ઊંડા કુવામાંથી બહાર આવી વિશ્વની જાણકારી મેળવી શકાય છે, વિશ્વની સુંદરતાને માણી શકાય છે અને માતૃભાષાના ઉપયોગથી જગતની અન્ય ભાષાઓની જાણકારી મેળવી, આપણી બુદ્ધિમતાનો ઉપયોગ કરી માણસ સંસાધનો દ્વારા માનસિક, બૌદ્ધિક તેમ જ ભૌતિક પ્રગતિ કરી શકે છે.

આજના જમાનામાં મોટે ભાગે આપણે આપણી સંસ્કૃતિની ઉપેક્ષા કરી અન્ય સંસ્કૃતિ તરફ આકર્ષાઇએ છીએ, અપનાવીએ છીએ. વિકાસની દોડમાં જોડાવા માટે આપણે અન્ય ભાષાઓ ભલે શીખીએ પણ આપણે આપણી માતૃભાષાનું સન્માન કરવું જરૂરી છે. એ ભુલાતી સંસ્કૃતિને યાદ કરવા માટે યુનેસ્કો દ્વારા વર્ષમાં એક દિવસ એટલે કે ૨૧મી ફેબ્રુઆરીનો દિવસ નક્કી કરવામાં આવેલ છે એમ કહીએ તો સહેજ પર ખોટું નથી.

આપણને આંગળી પકડીને ચાલતા શીખવનાર મા-બાપ કે ધંધા-નોકરી આપણને મદદ કરનારનો આપણે સદાય આદર કરીએ છીએ. આપણને નાની-મોટી મદદ કરનારને સહાયરૂપ બનવા આપણે હંમેશા તત્પર રહીએ છીએ. પરંતુ આપણને દુનિયાથી પરિચીત કરાવનાર આપણી માતૃભાષા માટે આપણે કંઇક કર્યું છે ખરું ? આ પ્રશ્નનો જવાબ તમારા મનને પૂછજો અને જવાબ ન મળે તો ૨૧ ફેબ્રુઆરી-આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસને સમજવાનો પ્રયત્ન કરજો.

દરેક વ્યક્તિના જીવનમાં માતૃભાષાનું ખૂબ મહત્વ છે કેમ કે તે ભાષા તેના હૃદયમાં ઊંડે સુધી વસેલી હોય છે. માતૃભાષા જ વ્યક્તિના બૌદ્ધિક વિકાસ જવાબદાર હોય છે. સૌ પ્રથમ માતૃભાષામાં જ્ઞાનની પ્રાપ્તિ થયા બાદ જ અન્ય ભાષાઓ કે દુનિયાની સમજ પડે છે. મનુષ્ય માટે સૌથી મહત્વની તથા તેના અસ્તિત્વ સાથે જોડાયેલ ચીજોના લિસ્ટમાં માતૃભાષા સૌથી ઉચ્ચ સ્થાન ધરાવે છે. આજે વિકાસની દોડમાં આપણો આ અમૂલ્ય વારસો ગુમાવી તો નથી રહ્યા ને ?

દર વર્ષે અનેક ભાષાઓ લુપ્ત થતી જાય છે કેમ કે તે ભાષા બોલતા લોકો તેને બોલવાનું છોડતા જાય છે. તેની સાથે તે બધા લોકોનું પારંપારિક જ્ઞાન કે પરંપરા કે સંસ્કૃતિ પણ લુપ્ત થાય છે. આ એક મોટું નુકસાન છે. ભાષા કે બોલીઓ દ્વારા જ લોકો પોતાની સામૂહિક સ્મૃતિ અને જ્ઞાનને જીવંત રાખી શકે છે. તેનું જતન જરૂરી છે.

વિશ્વભરના ભાષાશાસ્ત્રીઓ એ હકીકત પર એકમત છે કે કોઇપણ માનવીમાં તેની માતૃભાષા દ્વારા વસ્તુઓ શીખવાની અને સમજવાની સૌથી વધુ ક્ષમતા હોય છે.

ભારતમાં વર્ષ ૨૦૧૧ના આંકડાઓ મુજબ ૧૨૧ મુખ્ય ભાષાઓ અને ૫૪૪ અન્ય ભાષાઓ છે. આમાંથી ૨૨ ભાષાઓને બંધારણની આઠમી અનુસૂચિમાં સ્થાન આપવામાં આવ્યું છે. જ્યારે ૧૯૫૦૦ થી વધુ બોલીઓ છે.

સરકારી નિયમ મુજબ કોઇ ભાષા ઓછામાં ઓછા ૧૦ હજાર લોકો બોલતા હોય તો જ તેને ભાષા યાદીમાં સામેલ કરી શકાય છે. ભારતના બંધારણમાં દરેકને પોતાની ભાષા, લિપિ અને સંસ્કૃતિને જાળવવાનો અધિકાર આપવામાં આવ્યો છે. આમ છતાં એક સર્વે મુજબ આઝાદી બાદ દેશમાંથી ૨૦ ટકા બોલીઓ લુપ્ત થઇ ગઇ છે.

આનું મુખ્ય કારણ રોજગાર માટે લોકો દ્વારા થતું સ્થળાંતર. નવા પ્રદેશમાં તમે ત્યાંની ભાષા બોલતા-વાપરતા થાવ અને તમારી માતૃભાષાને છોડી નવી ભાષા અપનાવો એટલે બે-ચાર પેઢી પછી તમારી માતૃભાષા તમારા પરિવારમાંથી ખોવાઇ જાય છે. તેની સાથે તમારું પારંપારિક, સાંસ્કૃતિક પતન પણ થાય છે. તમે તમારા મૂળ રીતિ-રીવાજો ભૂલી જાવ છો જે તમારું મોટું આર્થિક નુકસાન પણ છે.

આજે બધી ટેકનોલોજી ભાષા પર આધારિત છે. વિવિધ ભાષા બોલતા સમુદાયોમાં વિવિધ આવડત કે આજની ભાષામાં સમજીએ તો અમુક હુન્નર કે કલા હોય છે જે નાશ પામે છે. તે ભલે ખેતીની પધ્ધતિ હોય કે ઘર બનાવવાની કળા, ભાષાની સાથે પારંપરાગત સંસ્કૃતિનું પતન થાય છે તેનું જ્ઞાન આપણા પર પણ લાગુ પડે છે. મોટા ભાગના કુટુંબોમાં બે પાંચ પેઢી પહેલા કરાતા કાર્યો આપણા કુટુંબના સ્થાળાંતરને કારણે બંધ થયા હશે એમ બધાએ અનુભવ્યું હશે.

સ્થાળાંતર તો કુદરતનો નિયમ છે. પરંતુ ભાષાને ટકાવી રાખવી, સંસ્કૃતિને સાચવવી અગત્યનું છે. ખાસ કરીને ડુંગરાળ પ્રદેશની, દરિયાકાંઠાની, મેદાનોમાં વિચરતા લોકોમાં સ્થાળાંતર વધુ થાય છે એટલે એવી યોજનાઓ બનાવવાની જરૂર છે જેથી તે અટકે. પ્રકૃતિક નિયમાનુસાર લોકો જે સ્થાને વસતા હશે તેની ભાષા અને સંસ્કૃતિનું સંવર્ધન કરશે.

માતૃભાષામાં અભ્યાસ કરવાથી સ્વાભાવિક રીતે કંઇપણ સમજવામાં સરળતા રહે છે. સમજણ વધવાથી, શીખેલી બાબતો યાદ રાખવી સરળ બને છે અને વિષયવસ્તુ પરની પકડ સુધરે છે. માતૃભાષા ફક્ત શિક્ષણ અને લેખન માટે જ ઉપયોગી છે તે સાચું નથી. તે તમને એક અલગ ઓળખ આપે છે જે તમારા આંતરિક મનોબળને વધારે છે. શિક્ષણ અધિકાર અધિનિયમ, ૨૦૦૯ જણાવે છે કે શક્ય હોય ત્યાં સુધી, બાળકોને તેમની

## શ્રી કચ્છી લુહાર જ્ઞાતિ મંડળ, વડોદરા

શ્રી કચ્છી લુહાર જ્ઞાતિ મંડળ, વડોદરા દ્વારા આ વર્ષે ૨૬.૧.૨૬ના રોજ પ્રજાસત્તાક દિને આયોજિત શૈક્ષણિક ઇનામ વિતરણના કાર્યક્રમની કેટલીક તસવીરો હાલમાં પ્રાપ્ત થયેલ છે તે પ્રસ્તુત છે.








# આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ

માતૃભાષામાં જ શિક્ષણ આપવું જોઇએ.

ભાષાઓને રક્ષણ માટે હાલમાં ભારત સરકાર દ્વારા શેડ્યૂલમાં ફક્ત ૨૨ ભાષાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમને બંધારણ દ્વારા રક્ષણ આપવામાં આવેલ છે. જુના જમાનામાં રાજા-મહારાજાઓ નવ રત્નો, રાજગુરૂ, પંડીતોને સાચવતા તે બધી વાત આવા ભાષાના સંરક્ષણ સાથે જ સંકળાયેલ છે. એ શાસકો ભાષાના રક્ષકો રહ્યા છે.

ભારતના ઘણા રાજ્યોની પોતાની ભાષા છે. ઘણા રાજ્યો આવી ભાષાઓને રક્ષણ પુરું પાડવા તેનો ઉપયોગ સરકારી કાર્યોમાં પણ કરે છે. અમુક રાજ્યો આ બાબતે જડ વલણ પણ અપનાવતા જોવા મળે છે. તેની સાથે રાષ્ટ્રભાષા તરીકે હિન્દી છે જેને જાણતા લોકોની સંખ્યા ૬૦ કરોડને વટાવી ગઇ છે. ચાઇનીઝ અને અંગ્રેજી પછી હિન્દી વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષા છે.

વિશ્વમાં વર્લ્ડ લેંગ્વેજ ડેટાબેઝ (૨૦૨૫) અનુસાર વિશ્વની ૨૦ સૌથી વધુ બોલાતી ભાષાઓમાં ૬ ભારતીય ભાષાઓ છે. જેમાંથી હિન્દી (૬૧.૫ કરોડ) ત્રીજા સ્થાને, બંગાળી (૨૬.૫ કરોડ) ૭મા સ્થાને, ઉર્દુ (૧૭ કરોડ) ૧૧મા સ્થાને, મરાઠી (૯.૫ કરોડ) ૧૫મા સ્થાને, તેલુગુ ભાષા (૯.૩ કરોડ) ૧૬મા સ્થાને અને તમિલ (૮.૧ કરોડ)૧૯મા સ્થાને છે.

આજે વિશ્વમાં આશરે ૮ અબજ લોકો દ્વારા ૮,૩૨૪ ભાષાઓ બોલાય છે કે લખાય છે. કોઇપણ ભાષાનું લુપ્ત થવું એ એક મોટું સાંસ્કૃતિક નુકસાન છે. યુનેસ્કોના અંદાજ મુજબ આશરે દર બે અઠવાડિયે વિશ્વમાં એક ભાષા લુપ્ત થઇ રહી છે. આવી સ્થિતિમાં આપણી ફરજ છે કે આપણી માતૃભાષાની જાળવણી કરીએ અને એને યાદ કરાવવા માટે જે આ આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ જાહેર થયેલ છે.

આ દિવસની પસંદગી પાછળ એક વાર્તા છે. બાંગ્લાદેશમાં ૨૧ ફેબ્રુઆરી ૧૯૫૨ના રોજ પાકિસ્તાન સરકારની ભાષા નીતિ સામે થયેલ વિરોધ પ્રદર્શનને કારણે તેમની માતૃભાષા બંગાળીને સત્તાવાર દરજ્જો મળ્યો ત્યારે આ ચળવળમાં શહીદ થયેલ લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે આ દિવસ ઉજવવાનું નક્કી થયેલ.

વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
એક ઉત્કૃષ્ટ કચ્છી સામાયિક
કચ્છી સાહિત્ય તથા કચ્છની અનોખી માહિતી સાથે ગુજરાતીમાં સંસ્કારી સાહિત્યની સિલેક્ટેડ કૃતિઓનો અદભૂત ખજાનો
આપના મોબાઈલ પર નિયમિત ધોરણે અંકો મેળવવા અહીં ક્લિક કરો...





લેખક પરિચય: દેવલ શાસ્ત્રી એક જાણીતા કટાર લેખક છે. 'સંદેશ'માં તેમની કોલમ 'મારું વડોદરા' માં આવતા લેખો માહિતી સભર તથા સાહિત્ય સભર હોય છે. એમની અનોખી લેખન-શૈલી મજેદાર છે.

# માતૃભાષા દિવસેઃ ગુજરાતી ભાષા સાથે આપણે કઇ તરફ?




ગુજરાત વિસ્તાર વધારે પ્રખ્યાત સોલંકી યુગથી થયો એમ માની શકાય. સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળ જેવા પ્રતાપી તથા પ્રજાવત્સલ રાજવી હતાં.

એ સમયે અપભ્રંશ ભાષા તરીકે જે ભાષા વિકાસ પામવા લાગી એમાંથી ગુજરાતી ભાષાનો વિકાસ થયો હશે, ખાસ જૈન સાધુઓએ આ ભાષાના વિકાસ માટે પાયાનું યોગદાન આપ્યું. હેમચંદ્રાચાર્યએ વ્યાકરણ સાથે ગુજરાતી ભાષાનું ઘડતર કર્યું. 'સિદ્ધ હેમચંદ્ર શબ્દાનુશાસન' નામનો વ્યાકરણની સમજ આપતું પુસ્તક આપ્યું.

હેમચંદ્રાચાર્ય પહેલાં ધનપાલે 'ભવિષ્ય યક્તકથા' નામના ગ્રંથનું સર્જન કર્યું. હેમચંદ્રાચાર્ય પછી યશપાલે 'મોહરાજ પરાજ્ય' નામનો નાટ્યપ્રયોગ, સોમપ્રભ લિખિત 'કુમારપાલપ્રતિબોધ' જેવા ગ્રંથોની સર્જનયાત્રા થઇ. સોમેશ્વર નામના સાહિત્યકારે એક હજાર વર્ષ પહેલાં 'કિર્તી કૌમુદી' તથા 'સુરભોત્સવ' જેવા કાવ્યો અને 'ઉલ્લંઘ રાઘવ' નામનું નાટક લખ્યાની વિગતો મળે છે.

૧૨મી સદીમાં શાલિભદ્રસૂરીએ 'ભરતેશ્વર બાહુબલી રાસ' લખ્યું, જે ગુજરાતી અને રાજસ્થાની ભાષાની પ્રથમ કૃતિ હોવાનું માનવામાં આવે છે. આ જ કાળમાં અસાઇતનું વીરરસથી ભરપૂર રણમલ છન્દ લખવામાં આવ્યું.

ગુજરાતી ભાષાનો નવો સુવર્ણ યુગ આવ્યો. ગુજરાતી ભાષાના આદ્યકવિ ગણાતા નરસિંહ મહેતાએ શ્રીકૃષ્ણની વિવિધ લીલાઓ પર આધારિત અસંખ્ય પદો લખ્યા. નરસિંહ અને મીરાંના પદોની અમરતા ગુજરાતી ભાષાના જાણકાર છેલ્લા વ્યક્તિ સુધી અમર રહેશે.

એજ યુગના ભીમ અને ભાલણને કેમ ભૂલાય ? ભાલણે સંસ્કૃત ભાષામાં લખાયેલા પુરાણો સહિત અનેક રચનાઓને પોતાની આગવી શૈલી સાથે ગુજરાતી ભાષામાં પ્રસ્તુત કર્યા.

નરસિંહ મહેતા પછી સો દોઢસો વર્ષે નાકર અને અખો અવતર્યા. એક મિત્ર હમેશા કહેતા કે ગુજરાત પાસે આગવો કબીર અખાના સ્વરૂપે હતો. અખાએ વૈરાગ્યથી ગુજરાતી ભાષાને આત્મા આપ્યો. નાકરે મહાભારત અને રામાયણની ઘટનાઓને આપણી બોલીમાં પ્રસ્તુત કરી.

પછી પ્રેમાનંદનું સર્જન સાથે આખ્યાન કળા તથા સંગીતનું મિશ્રણ, આપણી કથાઓમાં લાગણી તત્ત્વ વિકાસ પામ્યું જે શ્રોતાને હસાવી પણ શકે ને રડાવી પણ શકે. એજ સમયે શામલ ભટ્ટ, પ્રિતમદાસ સહિત કવિ દયારામે ગુજરાતી ભાષામાં એક નવો કાળ પ્રારંભ કર્યો. નરસિંહ, પ્રેમાનંદ, દયારામને ગુજરાતી ભાષાના તેજસ્વી તારલાઓ કહી શકાય.

અંગ્રેજ ભારતમાં આવ્યા બાદ દલપતરામ અને નર્મદનું અનેરું યોગદાન રહ્યું. મહીપતરામ નિલકંઠ, મનસુખભાઇ ત્રિપાઠી, હરગોવિંદદાસ કાંટાવાળા, નંદશંકર સહિત અનેક સાહિત્યકારોએ ગુજરાતી ભાષાના સંવર્ધન માટે આગવું યોગદાન આપ્યું. કલાપી, બ.ક. ઠાકોર, ગોવર્ધનરામ ત્રિપાઠી, મણિલાલ દ્વિવેદી, નરસિંહદાસ દિવેટીયા, નાનાલાલના સર્જન થકી ગુજરાતી ભાષા આગવો વિકાસ પામી.

ગાંધીયુગમાં ગાંધીજીની આત્મકથા અને ગાંધીના પત્રો, લેખો, પુસ્તકો થકી ગુજરાતી ભાષા વૈશ્વિક બની. 'વૈષ્ણવજન'ની પ્રસ્તુતિ ભારતની તમામ ભાષાઓમાં થતી હશે ! ગુજરાતી ભાષામાં ગાંધી અસર થકી સામાન્ય અને વંચિત દુનિયા પર સાહિત્ય સર્જન થવા લાગ્યું. કાકા કાલેલકર, રા.વિ. પાઠક, કનૈયાલાલ મુન્શી, ર.વ. દેસાઇ, ધૂમકેતુ, મેઘાણીથી માંડીને પન્નાલાલ પટેલની કથાઓમાં ગુજરાત દર્શન થવા લાગ્યા. અશ્વિની ભટ્ટને વાંચતા એવું લાગે કે ગુજરાતી તો વિશ્વની અદભૂત ભાષા છે. મરીજથી માંડી રમેશ સુધીની કાવ્ય રચનાઓ અદ્વિતીય છે. અનેક લેખકો, કવિઓએ ગુજરાતી ભાષાને સુવર્ણ યુગ આપ્યો છે.

ગુજરાતી ભાષાનો સામાન્ય ઇતિહાસ લખવાનો હેતુ 'સોશિયલ મિડીયાને જ માહિતી સ્ત્રોત માનનારા માટે' ફોવર્ડેડ મેસેજોમાં ઘણીવાર ફ્યુઝન ગુજરાતી વિકાસ પામી છે પણ શબ્દોનો પ્રભાવ અને જાજરમાન હોવાનું ગૌરવ ઘટતું જાય છે. શક્ય છે કે ભવિષ્યમાં સોશિયલ મિડીયા થકી ગુજરાતી વધારે પ્રભાવશાળી પણ બની શકે. આજકાલ થતાં ભાષાંતરો પણ સમસ્યા જેવા જ છે. નવયુવાનો હિન્દી મિશ્રિત ગુજરાતી બોલે છે ત્યારે થાય છે કે હજાર વર્ષના ગુજરાતી ભાષાના સમૃદ્ધ વારસા પછી એમની પાસે શબ્દો નથી કે અંગ્રેજી માધ્યમ ને સોશિયલ મિડીયા આડ અસરો છે ?

આજની પેઢીના યુવાનને મળતાં આજે ખાલી વિચાર આવ્યો કે તેમની બોલચાલની ભાષામાં આપણે સામાન્ય શબ્દો પણ શીખવી શક્યા નથી, એ માટે મોટી ઊંમરની પેઢી કેટલે અંશે જવાબદાર ? આ સમસ્યા ફક્ત ગુજરાતી પુરતી છે કે વિશ્વની બધી ભાષાઓમાં છે ? સોશિયલ મિડીયાની છત્રછાયામાં આગવી ભાષા વિકસી રહી હોય એવું લાગે છે !!!

# ટચૂકડી જાહેરખબર – ક્લાસીફાઈડ

વડોદરાના કચ્છીઓનું સમાજ-દર્શન

### ટચૂકડી જા.ખ.ના RATES

પ્રથમ ૨૦ શબ્દોના રૂ.૧૦૦ (ફિક્સ)ગણાશે. Englishના shortform ને આખો શબ્દ ગણવામાં આવશે. (2 BHK એટલે ૨ નહીં પણ ૪ શબ્દ) હેડીંગના રૂ. ૧૦/- એકસ્ટ્રા થશે. ૨૦ શબ્દ પછીના વધારાના શબ્દ દીઠ રૂ. ૩/-

જાહેરખબર મળ્યા બાદના પ્રથમ અંકમાં પ્રકાશિત કરવા પ્રયત્ન કરાશે. જાહેરાતનું લખાણ whatsApp No. 9377124582 પર કે samajdarshan.mail@gmail.com પર મોકલવું. પેમેન્ટ ઉપરના ફોન પર કોઈપણ પેમેન્ટ ઍપ દ્વારા કે UPI id: npbaroda@okicici પર મોકલી શકો છો.

## BOX

### Advertise Rate

DISPLAY BOX
Size : 82 x 72 mm
Rate: 200/-
(For 6 Mo./ 12 Ads.
Rs. 1000/- and
For 12 Mo./ 24 Ads.
Rs. 1900/- only)
ONLY TEXT MATTER, LOGO ETC. WILL BE XTRA
DIFFERENT MATTER CAN BE SET FOR DFFERENT ADVTS.

This E-Magazine is edited & published by Navin Patel of Vee Kraft at D/601, Samrudhi Satvik, Nr. Darshnam Antica, Bh. Bansal Mall, Danteswer, Vadodara 390004, GUJ for Mrs. V. N. Patel, owner & residing at same address as above.

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે પેમેન્ટ મોકલતા પહેલા, કોઈ પ્રકારના કરાર પહેલા અમારી સાથે પૂછપરછ કરવી. અહીં આવતી કોઈપણ પ્રોડકટ કે સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તે વિશે જે તે જાહેરાત આપનાર જવાબદાર છે અને કોઈપણ બાબત માટે આ E-magazine 'વડોદરાનું કચ્છીઓનું સમાજ દર્શન' ના માલિક,તંત્રી કે પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

Zalak Maheshwari
M :9662 42 41 40
VARIANT Cooking & Baking Classes
New Vision & New Varieties



B-318, Neelkanth Palace, Opp. Seema Hall, 100 Feet Road,Satelite, Ahmedabad - 380015
Website : www.variantclass.in
Email: variantclass@gmail.com



Varsha Patel
M: 9426326389
SINCE 1995
VARIANT COOKING CLASSES
Certificate Course
A Culinary Art Class
Regd. with DIC, Vadodara
(Govt. of Gujarat)
D/601, Smruddhi Satvik, Behind Bansal Mall, Danteswar, Vadodara - 390004.
Website: www.variantclass.in
Email: variantclass@gmail.com

વડોદરાના કચ્છીઓનું
## સમાજ-દર્શન
**મલ્ટી કલર ડીજીટલ જાહેરખબર**

આખા પાનાની જાહેરાત ફક્ત રૂ. ૭૯૨/- માં*
અડધા પાનાની જાહેરાત ફક્ત રૂ. ૩૯૬/- માં*
પા પાનાની જાહેરાત ફક્ત રૂ. ૧૮૮/- માં*
*(૧ વર્ષ = ૨૪ અંક માટેના ૧ જાહેરાતના ભાવ)

### ધંધાકીય

આપ કોઇપણ પ્રકારના અન્ય ધંધા કે દુકાન ધરાવતા હો કે કોઇ આઇટેમનું માર્કેટિંગ કરતા હો તો આપના ધંધાકીય વિકાસ માટે આપની જાહેરાત આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

### જ્યોતિષ

આપ જ્યોતિષ, કુંડલી, ભવિષ્યવાણી જેવા વ્યવસાય સાથે સંકળાયેલા હો તો આપના ધંધાકીય વિકાસ માટે અહીં આપની જાહેરખબર આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

### કુરીયર

આપ લોકલ, રાષ્ટ્રિય કે ઇન્ટર નેશનલ કુરીયર કંપની સાથે સંકળાયેલા હો તો આપના ધંધાકીય વિકાસ માટે અહીં આપની જાહેરખબર આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

## કચ્છ અને કચ્છીયતના બે સુંદર સાહિત્યિક સામાયિકો

### કચ્છ-અર્પણ
કચ્છીઓને સમર્પિત દ્વિમાસિક

**Advt.Tariff for E Magazine**
**'Kutch-Arpan'**
*(bimonthly e-magazine)*

| | 1 Month | 1 YEAR |
|---|---|---|
| FULL PAGE | 2,000 | 10,000 |
| HALF PAGE | 1,000 | 5,000 |
| QTR. PAGE | 500 | 2,500 |
| DISPLAY AD | | 1,000 |

### વડોદરાના કચ્છીઓનું સમાજ-દર્શન
એક મજાનું પખવાડિક
દર મહિનાના ૨જા ને ૪થા શનિવારે

**SPECIAL OFFER For Advt.**
*(2 ISSUES PER MONTH)*
*(50% Off + Extra Discounts)*

| | 6 Months | 12 Months |
|---|---|---|
| FULL PAGE (2000 per advt) | 10,000 | 18,000 |
| HALF PAGE (1000 per advt) | 5,000 | 9,500 |
| QTR. PAGE (500 per advt) | 2,500 | 4,500 |
| DISPLAY Ad (250 per advt) | 1,000 | 2,000 |

વાચક વર્ગ 10,000 + ઉપરાંત છે...જાહેરાતના ભાવ અન્ય કરતા સાવ ઓછા...
મેગેઝીનની ક્વોલિટી 4.6 + rated on E- survey
સુંદર સાત્વિક સાહિત્યનો ખજાનો... અમારા આ મેગેઝીનો...

### Color Advertisement Rates :

Front Page Premium Rates : Rs. 3000 (FULL PAGE ONLY)

| INSIDE PAGES | RATES (Rs.) | SIZE (in cms.) |
|---|---|---|
| FULL PAGE | 2000 | 25 (W) x 31 (H) |
| HALF PAGE | 1000 | 25 (W) x 15 (H) |
| QUARTER PAGE | 500 | 12 (W) x 15 (H) |
| DISPLAY BOX | 300 | 8.2 (W) x 7.2 (H) |

*(Design charges : Full page Rs. 300/-, Half page Rs. 250/-, Qtr. page Rs. 200/-)*

સમાજની જાહેરખબર, અવસાન કે પ્રાર્થના કે શ્રદ્ધાંજલી જાહેરખબર પર ૫૦% ડિસ્કાઉન્ટ

વાગડમાં નોંધપાત્ર કામ કરી રહેલ
સંશોધક લેખક ડૉ. મહાદેવ બારડની
કલમની સાથે માણીએ...

# વાગડ વૈભવ

લેખક : ડૉ. મહાદેવ બારડ, મો: ૯૭૧૪૮૩૪૨૨૩

## દેદાણી જાડેજાઓએ સ્થાપેલું ગામઃ સઇ




રાપર તાલુકા મથકથી ૧૩ કિ.મી.ના અંતરે આવેલા સઇ ગામની સ્થાપના વિશે ભાવસંગજી જાડેજા જણાવે છે કે કંથકોટની ગાદીએ જામ દેદાજી તેમના સૌથી મોટા પુત્ર કન્હડદેજીએ તેમના ભાઇને રાજગાદી આપીને તેઓ રાપર આવ્યા (તેમના પરિવારના સુજાજી જાડેજાનો પાળિયો રાપરમાં બસ સ્ટેશન પાછળ આવેલ છે.) રાપરથી એક પરિવાર હાલના સઇની બાજુમાં ગુજરાળા કાઠીઓનું ગામ હતું ત્યાં આવીને થોડો સમય રહ્યા. પછી થોડે દૂર ટેકરા પર દેદાણી જાડેજા પરિવાર દ્વારા ગામનું તોરણ બાંધીને આશરે પાંચસો વર્ષ પહેલાં સઇ ગામની સ્થાપના થઇ. કંથકોટથી એવારીયા કોલી તેમની સાથે હતા. સઇના વેરાજી જાડેજાને કચ્છ મહારાવ તરફથી ઇલ્કાબ મળેલ હતો અને કચ્છમાં બાર ભાયા રાજ વખતે કન્હડદેની ખુરશી કચ્છ રાજ્યમાં રહેતી અને જ્યાં સુધી તેમની ઘોડી ન જાય ત્યાં સુધી અન્ય ઘોડીઓને પાવરા ચડતા નહિ.

સઇ ગામમાં નવુંપરું, ભચાઉપરું, શકિતનગર, વેલાપરું, ગઢડી વગેરે વિવિધ વાસ આવેલ છે. અહીં જાડેજા દરબાર, પટેલ, કોલી, રબારી, સુથાર, બ્રાહ્મણ, દરજી, મુસ્લિમ કુંભાર, શેખ ફકીર, ગૌસ્વામી, જૈન જેવી વિવિધ જ્ઞાતિઓ હાલમાં વસવાટ કરે છે. દેદા જાડેજાઓ કંઠકોટથી આવ્યા તે કન્હડદે જાડેજા તરીકે ઓળખાય છે તેમાં સુજાણી, રામાણી, સાંગાણી વગેરે પરિવારો છે. અહીં રાજસ્થાનના મેહરગઢથી આવેલ મેરીયા અંજાર પાસેના મોડસર આવી ત્યાંથી અહીં આવી વસવાટ કર્યો. ઉપરાંત વાઘેલા, સમૈયા, ધેયડા, લેઉવા પટેલ, રબારી, મકવાણા, કોલી સમાજના લોકો વસે છે.

સઇમાં ગુજરાતનું પ્રખ્યાત પાબુદાદાનું મંદિર ઉપરાંત હોથલ પદમણી, ગોગા મહારાજ, શ્રી રામ, બહુચર માતાજી, હનુમાન મંદિર, મોમાઇ મા, સરસ્વતી-ચાયણા-મેલડી માતાજી, વચ્છરાજ દાદા, રામદેવપીર મંદિર જેવા અનેક સથનકો તથા જૈન મંદિર તથા સ્થાનક છે. અહીંના પ્રાચીન પાતાળેશ્વર મહાદેવ મંદિરમાં ભભૂતગિરિ બાપુએ પ્રથમ ચીપિયો ખોડ્યો હતો.

અહીં મહા મહિનાની અગિયારસ, ભાદરવાની નોમ તથા મહા મહિનાની ત્રીજના ત્રણ ભાતીગળ મેળા ભરાય છે. અહીં જાડેજા તેમજ અન્ય સમાજના મોટા પ્રમાણમાં પાળિયાઓ આવેલ છે. અહીં ચાયણા, સરાણ, પાલરીયું, કુંભારખડો, જેસંગરાઇ, વિભાધાર, વાણીયારા વિગેરે તળાવો આવેલા છે.

સઇમાં રાજાશાહી વખતની જીર્ણ હાલતમાં દાણદેરી આવેલ છે, જ્યાં રાજ્ય દ્વારા દાણ ઉઘરાવવામાં આવતું હતું.


સઈમાં દેદાણી પરિવારનો ઓઘડનાથ ધામ છે, નરસંગપૂરી રહેતા તેમણે તેમની વિદ્યાથી આકાશ માર્ગે જતો મોરબીનો ઢોલિયો ઊતાર્યો હતો. જેના કારણે મોરબી ઠાકોરે જૂનું મંદિર બંધાવી આપેલ. આ ઢોલિયાના ત્રણ પાયા ત્યાંના ભંડારામાં છે અને એક પાયો તેમના સેવક રાણાજી જાડેજાના ઘરે પૂજાય છે. ઓઘડનાથ ધામમાં કીડીયાનગરના ચાવડા તેમજ અન્ય રાજપૂતો પણ મોટા પ્રમાણમાં દર્શન કરવા આવે છે.

અહીં પ્રાથમિક તેમ જ માધ્યમિક શાળા, ત્રણ આંગણવાડી અને ૧૮૫૮માં સ્થાપેયલ સહકારી મંડળી છે. અહીં મુખ્યત્વે જીરું, એરંડા, કપાસ, ઘઉં, રાયડો, વરિયાળી ઉગે છે.

સઇનો પટેલ સમાજ ધંધાર્થે મુખ્યત્વે મુંબઇમાં છે. સઇમાં પ્રથમ જામની પદવી ગોદડજીને હતી ત્યારબાદ મમુજી જાડેજાને પદવી મળી વર્તમાનમાં તેમના પરિવારના ખાનુભા જાડેજાને મળેલ છે. સઇ ‘મમુજી જામનું સઇ’ તરીકે ઓળખાય છે. રાજાશાહી વખતે પોલીસ પટેલમાં દાનાભાઇ ભાટેસરા હતા.

સઇમાં શ્રદ્ધાળુઓ મોટા પ્રમાણમાં આવતા હોય છે પણ બસ સર્વીસ કે આરોગ્ય કેન્દ્રની ખાસ જરૂરત છે. અત્રે આશરે ત્રણ હજાર ઉપરાંત વસ્તી છે.

માહિતી સૌજન્ય: ભાવસંગજી જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, અજિતસિંહ જાડેજા, ભીખાભાઈ મેરીયા, ગોવાભાઈ ભાટેસરા, મમુભાઈ કોલી, રામજીભાઈ મેરિયા, રામજીભાઈ રાવરીયા, જગાભાઈ રબારી.




## ફોટો બોલે છે... ૩૯

Photo & Story by
Satish Shanischara, Mandvi.
M: 9925169693




નિર્દોષતાનું આંગણું અહીં છલકાઇ રહેલ છે.

રેતીના આ નાના રણમાં, સ્નેહનું એક નવું નગર વસે છે, જ્યાં પગરખાંની જરૂર નથી, બસ એકબીજાનો ભરોસો હસે છે.

નથી કોઇ આલીશાન મહેલ, છતાં નિરાંતનો અહીં વાસ છે, ખાટલાના છાંયડે સૂતેલા શ્વાનનો, પેલો બાળક જ ખાસ છે.

એકબીજાની ભાષા સમજવા માટે, અહીં શબ્દોની કોઇ માયા નથી, આ નિર્દોષ મૈત્રીના અનોખા સંગમની, જગમાં કોઇ તોલે આવે એમ નથી.

ક્યાંક રમકડાં વેરાયાં છે, તો ક્યાંક હેતનો દરિયો છલકાય છે, ગરીબીની રેખાઓ વચ્ચે પણ, માનવતા અને મૈત્રી અહીં મલકાય છે.


હાર્દિક શુભેચ્છાઓ સહ...
નરેન્દ્રભાઈ મોમાયા
M: 9879913377
કુસુમબેન મોમાયા
M: 9428693309
કેવલ મોમાયા
રશ્મીબેન મોમાયા
જિનય મોમાયા
પાર્શ્વી મોમાયા
કચ્છી ગૃહઉદ્યોગનાં ઘઉંના લોટમાંથી હાથ બનાવટનાં શુદ્ધ, સાત્વિક, ઉત્તમ ક્વોલીટીનાં ખાખરા
સાદા ખાખરા
જીરા ખાખરા
મેથી ખાખરા
ચટપટા ખાખરા
➤ સાદા ખાખરા
➤ શુધ્ધ ઘી ખાખરા
➤ જીરા ખાખરા
➤ મેથી ખાખરા
➤ ખીચડી ખાખરા
➤ ચટપટા ખાખરા
➤ ડાયેટ ખાખરા
➤ ચકરી
➤ ફરસી પુરી
➤ જાડી સેવ
F-15, Saraswati Nagar, KDO Nagar, Opp. Kalavati Hosp.,
Nr. Vimalnath Derasar, Warasiya Ring Road, Vadodara-6


Kala Craft
Traditional & Creative Craft Collection
Kala Craft
5, B.N.Chambers, Opp. Welcome Hotel
R.C.Dutt Road, Alkapuri, Vadodara, Guj
Mobile: 9624018211


ભક્તામર સ્તોત્ર
રત્નાકર પચીસી
જિનવર ભક્તિ સ્તવનાવલિ
પ્રભુ ભક્તિ-જિન વંદનાના સ્તવનો - ભક્તિ ગીતોનો સંગ્રહ
આત્મ - કલ્યાણ સ્તવનાવલિ
આત્મજ્ઞાન આપનારા સ્તવનો - ભક્તિ ગીતોનો સંગ્રહ
કિંમત રૂા. ૨૦ થી ૩૦ સુધી
બાતેં છોટી... લેકિન અનોખી...
નૂતન સુવિચારો...
પ.પૂ. ગુરૂદેવ શ્રી નરેશમુનિના નૂતન સુવિચારો - ૧
આપના સ્વજનોની યાદો ચિરંજીવ બનાવો...
જિનવર ભક્તિ સહ આત્મીય-જ્ઞાન આપતી પૉકેટ સાઈઝ પુસ્તિકાઓ
ધાર્મિક અનુષ્ઠાનો, પૂણ્ય તિથિ કે જન્મ તિથિ દરેક પ્રસંગે પ્રભાવના રૂપે યોગ્ય...
➤ આપ્તજનોને શ્રદ્ધા-કુસુમ અર્પણ કરવા પાંચ પુસ્તિકાઓનો સુંદર સંગ્રહ.
➤ સદ્દગત - પરિવારના ફોટા, પરિવારજનોના નામો સાથેનું કાયમી સંભારણું.
➤ ઘર/ઑફિસમાં સાથે રાખી ભક્તિ-ચિંતન-મોટીવેશન માટે ઉપયોગી.
ક્વોલિટી ડીજીટલ કલર પ્રિન્ટીંગ, લેમીનેટેડ ટાઈટલ, કુરિયર ડીલીવરી, વાજબી ભાવ.
વધુ માહિતી માટે સંપર્ક : નવીન પટેલ: 9377124582 (ALL INDIA DELIVERY)


રૂપારેલ પરિવાર તરફથી
વડોદરાના કચ્છી સમાજોને
હાર્દિક વધાઈઓ...
કમલેશભાઈ રૂપારેલ
જયભાઈ રૂપારેલ
ખુશ્બુ રૂપારેલ
હિત રૂપારેલ
તથા
સમગ્ર પરિવાર
કચ્છ કોઠારા- વડોદરા

કચ્છી લોકસાહિત્યની કથાઃ ૨૯

# નાગવાળો - નાગમતી

સ્વામી સચ્ચીદાનંદના પુસ્તક 'કચ્છી કથાઓ'માંથી સંક્ષિપ્તમાં

જુના વખતમાં કચ્છ અને સિંધ પશુપાલક માલધારીઓનો દેશ હતા. અહીં મોટાંમોટાં ચરાણો હોવાથી માલધારીઓ પોતપોતાની ઓથો લઈને મહિનાઓ સુધી અહીં રહેતા. મોટા ભાગે માલધારીઓ સ્થાયી ન રહેતા, વિચરતા રહેતા. જ્યાં પાણીની સગવડ સારી હોય ત્યાં પોતાના વાંઢ અથવા નેસ બનાવીને રહેતા. જેમનું જીવન ભલે પશુઓ સાથે જોડાયેલું હોય પરંતુ તે લોકોને પણ હૃદય પ્રેમ અને લાગણીથી ભરપૂર હતા.

ક્યારેક કચ્છ-વાગડના કાનમેરમાં કાઠી રાજા કાનસુઆ ભેડાનું રાજ્ય ચાલતું. તેની પાસે ઘણું પશુધન હતું. વધતા દૂધમાંથી ઘી કરવામાં આવતું કેમ કે ઘી લાંબો સમય રાખી શકાય. પશુ પાલકોની એક અલગ દુનિયા હોય છે. જે તેમની વચ્ચે રહ્યો હોય તે જ જાણે.

રાજા કાનસુઆને બધું સુખ હતું, પણ સંતતિસુખ ન હતું. તેના વિના સંસાર સૂનો હતો. સંતાનનો ખાલીપો સતત કાનસુઆના ચહેરા ઉપર તરી આવતો. એક દિવસ સવારના પહોરમાં કાનસુઆ બેઠા હતા ત્યારે સફેદ જટાવાળા કોઇ બાવાજી નીકળ્યા. રાજા કાનસુઆ તેમના પગમાં પડી ગયો. બાવાજીએ આશીર્વાદ આપ્યા અને કહ્યું કે નાગદેવની ઉપાસના કરજે જેથી તને સંતાન થશે. એવું મનાય છે કે નાગપૂજા શકોની સાથે ભારતમાં આવી હતી. નાગને તેઓ 'ગોગા' કહેતા અને આ શબ્દ સંસ્કૃતનો નથી તેથી બહારથી આવનારી જાતિઓ આ શબ્દ લઇ આવી હોવી જોઇએ.

પતિ-પત્નીએ નાગપૂજા શરૂ કરી અને સમય જતાં તેમને ઘેર એક કન્યાનો જન્મ થયો. પુત્રીએ આખા ઘરને નવું જીવન આપી દીધું. કન્યા પ્રવૃત્તિની પ્રેરક છે. કન્યાનું નામ નાગમતી રાખ્યું. નાગમતીએ આખા ઘરને ધમધમતું કરી દીધું.

ધીમેધીમે નાગમતી જુવાન થઇ. દીકરીની જુવાની મા-બાપને ચિંતાતુર બનાવી દેતી હોય છે. તેમાં પણ કન્યા રૂપથી ભરપૂર હોય તો તેમને વધુ ચિંતા થાય. નાગમતીનાં ચારે તરફથી માગાં આવવા લાગ્યાં. નાગમતીના પિતાને તેને લાયક કોઇ વર ના મળ્યો. બધાને ના કહેવાથી સંબંધો બગડવા લાગ્યા.

કાનસુઆએ એક રસ્તો શોધી કાઢ્યો. તે ઉત્તમ અને કુશળ ખેડૂત હતો, તેથી તેણે ખેતી-સ્વયંવર રચવાનો નિર્ણય કર્યો. જે જુવાન 'દોરીછંટ' ચાસ પાડી બતાવશે તેને મારી કન્યા પરણાવીશ.

ચારે તરફથી અનેક કાઠી જુવાનો આવવા લાગ્યા અને શરત પૂરી કરવા પ્રયત્નો કરવા લાગ્યા, પણ કોઇ સફળ ન થયા. આ વખતે કચ્છમાં ભયંકર દુષ્કાળ પડ્યો. આમે ય કચ્છડો દુકાળિયો દેશ પણ કહેવાતો. પશુપાલકો વિચાર કરવા લાગ્યા કે આટલાં બધાં પશુઓ લઈને ક્યાં જવું ? બધાની નજર વાગડ તરફ રહેતી.

એટલામાં એક ચારણ આવી પહોંચ્યો. ત્યારે ચારણ એટલે માહિતીનો ભંડાર. ચારણે કહ્યું કે 'રણની પેલી પાર સમિયાણાની ભૂમિ ઘાસચારાથી ભરપૂર છે. ત્યાં બધા પહોંચી જાઓ તો દુષ્કાળ ઊતરી જવાશે.'

બધા માલધારીઓ સમિયાણાની ભૂમિ ઉપર પહોંચી ગયા. ચારે તરફ ઘાસ જ ઘાસ હતું. માલધારીઓને આનંદ થઇ ગયો.

સમિયાણામાં કાઠી રાજા ધમ્મરવાળાનું રાજ્ય ચાલતું હતું. તેને એક રાજકુમાર હતો, જેનું નામ નાગવાળો હતું. નાગવાળાનાં લગ્ન આણલદેવી સાથે થયાં હતાં. દુર્ભાગ્યવશ બંનેનું દામ્પત્ય જીવન જામતું નહોતું. આણલદેવી ઉગ્ર સ્વભાવની અને પોતાનું જ ધાર્યું કરનારી હતી. આવી પત્નીના પતિને ઘરનું આકર્ષણ ઓછું થઇ જાય અને તે બહાર વધુ ફરવા લાગે.

નાગવાળો પણ રોજ સવારે પોતાનો પાણીદાર ઘોડો લઈને બહાર નીકળી પડતો. એક દિવસ તેણે જોયું કે કચ્છથી આવેલા હજારો પશુઓએ પોતાનું ચરાણવીડ સાફ કરી નાખ્યું છે. તે ઉગ્ર થઇને સીધો જ કાનસુઆની છાવણીએ પહોંચી ગયો. કાનસુઆને ખબર મળતાં તે સામો ગયો, સ્વાગત કર્યું. ઉગ્ર થઇને આવેશમાં આવેલા માણસને પણ જો યોગ્ય સ્વાગત કરીને નમ્રતાથી આવકાર અપાય તો તેની ઉગ્રતા ઓછી થઇ જાય. કાનસુઆએ રજા વિના ઢોરાં ચારવા બદલ ક્ષમા માગી, આગ્રહ કરીને પોતાના નેસમાં લઇ ગયો ને તેની આવાભગત થવા લાગી. ત્યાં નાગવાળાની દૃષ્ટિ નાગમતી ઉપર પડી ને બંને એકબીજાને જોતાં જ રહી ગયાં. જાણે જનમ-જનમનાં ઓળખીતાં હોય તેવું લાગવા માંડ્યું.

કાનસુઆના નેસમાંથી આદરસત્કાર પામીને નાગવાળો વિદાય તો થયો પણ પોતાનું દિલ નાગમતી પાસે મૂકતો ગયો. નાગમતી પણ પોતાનું દિલ ખોઇ બેઠી હતી. બંને બેચેન થઇ ગયાં. નાગવાળો પોતાના મહેલમાં પલંગ ઉપર સૂતો હતો. ઊંઘ આવતી ન હતી. ઊંઘ ન આવવાથી નાગવાળો પડખું ફરીને દીવાલ ઉપર નખ દ્વારા નાગમતીનું ચિત્ર દોરવા લાગ્યો. ચિત્ર લગભગ પૂરું થવા આવ્યું તે જ સમયે નાગવાળાની પત્ની આણલદેવી આવી પહોંચી. પોતાના પતિને અન્ય સ્ત્રીનું ચિત્ર દોરતો જોઇ ચિત્તની કમાન છટકી. આણલદેવીને પોતાના રૂપનું અભિમાન હતું પણ નાગમતીનું ચિત્ર જોઇ તેને આઘાત લાગ્યો. પગ પછાડતી આણલદે ચાલી ગઇ.

સવાર થતાં નાગવાળો પોતાની ઘોડો લઇ નીકળી પડ્યો. તેનું મન નાગમતીને જોવા તલસી રહ્યું હતું. નાગવાળો કાનસુઆના નેસ તરફ ચાલ્યો પણ ઘોડો કાલનો તરસ્યો છે. કાલે પાણી પિવડાવવાનું ભુલાઇ ગયું હતું તેથી તે વચ્ચે આવતા સરોવર તરફ વળી ગયો. સરોવરના કિનારે પહોંચતા કાનસુઆએ શું જોયું ? સરોવરમાં તો નાગમતી સ્નાન કરી રહી હતી. તેનાં કપડાં પલળી ગયાં હતાં.

આ દશ્ય નજરે ચડતા જ નાગવાળાએ તરત જ ઘોડાને રોકી દીધો. નાહતી સ્ત્રીને જોવાય નહીં તેવી મર્યાદાનું તેને ભાન છે, તેથી આગળ જતાં તે અટકી ગયો. બીજી તરફ નાગમતી પણ ઊંધી ફરી ગઇ પણ તરસ્યો ઘોડો પાણી પીવા ઉતાવળો થયો હતો. તે તો છેક પાણી સુધી પહોંચી ગયો ને ચસચસ પાણી પીવા મંડ્યો. નાગવાળો ને નાગમતી બંને ચૂપ છે. શું બોલવું, કેમ બોલવું-કશું સમજાતું નથી.

ત્યાં નાગવાળાને એક ઉપાય સૂઝ્યો. તેણે પોતાની આંગળીએ પહેરેલો વેઢ ધીરે રહીને પાણીમાં સરકાવી દીધો પછી બોલ્યો, 'અરે અરે ! મારો વેઢ પાણીમાં પડી ગયો ! નાગમતી કુંવરી ! તમે જરા શોધી આપશો ?'

(વધુ આવતા અંકમાં...)

## કચ્છી કવિતા મહેફિલ

### હંજડ઼ા

ઓતરાખંઢ મિંજા ઉડીને ઉતરેલેં
હંજડ઼ે જે ટંગે મિંજા
કેડ઼ી ખબર કિતરા વાંચડીઆ વટાણા હુંધા?
તડે તાં તેંજિયું ટંગું રતિયું થઈ વિઈયું અઈં !
ને ઈનીંજી લમી લમી સફરમેં
કેડ઼ી ખબર કિતરી વેરા
સિંજા ટાણે ઉતરાણ કેઓ હુનોં.
તડે જ ન તેંજે ધોરેં પખેંમેં
ગુલાભી ધાબા ડિસજેંતા,
સે સિંજાએંજે રંગજિયું છેવડું લગિયું અઈં નેં
ખારું પાણીએમેં ચુંજું ઈતરિયું મિડ઼ે હયોં અયોં
જે ચુંજેંજિયું અણિયું જ
કારિયું થઈ વિઈયું અઈં !
ને પોય મું ઈનીંજી પીડ઼ી
ચુંચી અખ મિંજા ન્યાર્યો,
તાં ડિસાણું સુકો ભઠ વેરાણ રણ !!

કવિ તેજપાલ ધારશી 'તેજ'

## આરતી : કચ્છી વાણીજી

(ઢાળ : જય આદ્યા શક્તિ..)

જીએ કચ્છીવાણી ! સડા વધે કચ્છીવાણી !
રાજ અસાંજે ધિલતેં કરીંધલ મહારાણી !
જીએ કચ્છીવાણી !

સંસ્કૃત-પ્રાકૃતજી ધીયડ઼ી ઈ ભારી ભિરતિયાણી,
નયાં સબધ જુડેં જ્યાંનૂ પિંઢજા કરે સાણી !
જીએ કચ્છીવાણી !

ગાલ પતાય ટૂંકેમેં લમીં ન કરે તાણી,
હિક-અખરી સબધેજી કરે વિઠી સુઠી લાણી !
જીએ કચ્છીવાણી !

ચવક-ગુજારથ-ડૂઆ, ભેત ને આખાણી,
ગીત-ગજલ ને સંગર, ઈન વટ આખાણી !
જીએ કચ્છીવાણી !

જિત મેકણ-હરિસાહેબ, રાઘવ-કારાણી,
રતનબાઈ-મકબૂલ-તેજજી વાણી પૌખાણી !
જીએ કચ્છીવાણી !

માબોલીજો મઈમા કર્યાં ધરમ જાણી,
'તિમિર' ચે કચ્છીયત પાંજી થીંધી સુખિયાણી !
જીએ કચ્છીવાણી !

-રવિ પેથાણી 'તિમિર', મોઃ ૯૭૨૬૮૧૦૨૮૭

કચ્છી લોકસાહિત્ય : 'પિરૂલી': ૪૫

# સગ઼ો ભગ઼ો સાલખ વઠ, કનમેં ચેં ઇ ગ઼ાલ.
# સગું ગયું સુલક્ષણા પાસે, કાનમાં કરી એ વાત.

લેખક : શ્રી લાલજીભાઈ મેવાડા 'સ્વપ્ન' મો: 8320313731

સતી માને ઓટલે કોઇ વાત પર સામત અને દેવો દલીલ કરી રહ્યા હતા. અભિમાનના પર્યાયવાચી શબ્દ તરીકે રાવણને ગણી શકાય. લોકવાયકા છે કે રાવણને ઘણા બધા સારા કામ કરવા હતા, પણ ! તે જીવ્યો ત્યાં સુધી કાઇપણ સારું કામ કરી શક્યો કે કેમ ? એ એક પેચીદો સવાલ છે. મરતી વખતે તેને સારા કામ કરવાના ઓરતા જાગ્યા પણ તે વ્યર્થ હતા.

વૃદ્ધ માણસના બોખા મોઢા જેવા ચહેરે સૂર્યનારાયણ નિર્ધારિત મંજિલ તરફ ગતિ કરી રહ્યા હતા. ઓટલા માણસો ગોઠવાઇ ગયા હતા. મંદમંદ પવન વીસરાઈ તળાવડીમાંથી ડૂબકી લગાવતો પસાર થઇ રહ્યો હતો.

ર્યાણનું નામ સાંભળી આજે નરેન્દ્ર મા'રાજ પણ પિરૂલી સાંભળવા છેક ખાવડાથી આવ્યા હતા. તેઓ એસ.ટી. માં બસ ચાલક તરીકે સેવા બજાવી નિવૃત્ત થયા હતા. વાંચન-લેખનનો તેમને ભારે શોખ ને કચ્છી સાહિત્યના જાણકાર પણ ખરા.

ર્યાણમાં થતી પિરૂલી સાહિત્યના વિશદ છણાવટની વાતથી પ્રેરાઇને તેઓ અહીં આવ્યા હતા. ઓટલા પરની ર્યાણમાં તેમને ભારે રસ પડ્યો, ચાલતી ચર્ચા વચ્ચે મોકો ભાળતાં તેમણે કહ્યું, 'સુણો...

[૧]ત્રી ત્રી [૨]ધક [૩]ધુલે [૪]ધબેં, [૫]ખિલે [૬]વિઠો [૭]ખેંગાર,
[૮]મુડ઼ી [૯]નતો [૧૦]ઇ [૧૧]માગ઼ડે, [૧૨]ઘુરકે પ્યો [૧૩]ઘુરનાર.
સગ઼ો ભગ઼ો [૧૪]સાલખ વટ, કનમેં ચેં ઇ ગ઼ાલ,
મામા [૧૫]ઇન [૧૬]મુડ઼ધારજા, જિજા કર તું હાલ.
જડેં છણી પ્યો [૧૭]છેલ, ઇ [૧૮]વડા [૧૯]વિજીનેં રાડ઼,
તડેં સગ઼ે જે પેટમેં, [૨૦]ઊની પિઇ [૨૧]ઉછકાર.
[૨૨]ક્યો સાલખ ? ક્યો સગ઼ો? ક્યો ઘુરક્યો તે ઘુરનાર?
[૨૩]ચે મા'રાજ [૨૪]લજી અચો ઇ ક્યો મા'રાજ [૨૫]મવાડ઼ ?

[૧]ત્રીસ, [૨]પ્રહાર, [૩]પિરૂલીનો નાયક, [૪]પ્રહાર કર્યા, [૫/૬]હસી પડ્યો, [૭]પિરૂલીનો નાયક, [૮]વળીને, [૯]નથી આપતો, [૧૦]તે, [૧૧]માર્ગ, [૧૨]ઘુરકવું, [૧૩]નાયક, [૧૪]સજ્જન. [૧૫]તેણે, [૧૬]મડદાલ, [૧૭]પિરૂલીનો નાયક, [૧૮]મોટા, [૧૯]રાડો પાડીને, [૨૦]ઊંડી, [૨૧]પોક, [૨૨]કોણ, [૨૩]કહે, [૨૪]ગોતો, [૨૫]પહેલ કે પ્રારંભ.

'વા...વા..મારાજ...વા... હિતરા ડીં કિડાં વા?' ર્યાણમાંથી કોઇએ કહ્યું. જરાવાર માટે ચૂપકીદી છવાઇ ગઇ, સામતે કહ્યું, 'શાસ્ત્રીય પિરૂલી આય, પણ ! ડિસ સુજે નતી, જિરાક ડિસ ડ્યોં તાં કોશિશ કરીયાં, નિકા સવારે જભાભ જરૂર ડીંયાં. પચાણભા કે અચીંધી વે ત પેલક ઇનીજી.' પચાણભાઈ મનમાં હસ્યા. સામતે તેમના ચહેરા પરથી અનુમાન લગાવ્યો કે તેઓ જવાબ જાણે છે.

પચાણભાઇ જાણે એની જ રાહ જોતા હોય તેમ નરેન્દ્ર મા'રાજ સામે જોતાં કહ્યું કે, 'રામ રાવણ યુદ્ધનો પ્રસંગ છે ખરું ?' ડોકું હલાવતા નરેન્દ્ર મા'રાજે સંમતિ દર્શાવી એટલે પચાણભાઇએ કહ્યું કે, 'રામે રાવણને કેટલાય બાણ માર્યાં પણ તે મરતો નથી, રામે જ્યારે એકી સાથે એકત્રીસ બાણ છોડ્યાં તે વખતે તેનું મૃત્યુ થયું. અહીં 'ધુલે ધબેં' માં રામે રાવણને ત્રીસ બાણ માર્યાં તેનો સૂચક અર્થ છે અને 'ખિલે વિઠો ખેંગાર' એ યુક્તિ રાવણ તરફ નિર્દેશન કરે છે કે રાવણ કેમેય કરી પીછેહઠ કરતો નથી.

તુલસી કૃત રામચરિત માનસનો આધાર લઇ પચાણભાઇએ આ વાતને સમજાવતા કહ્યું કે, રાવણના મૃત્યુનો ભેદ માત્ર બે વ્યક્તિઓ જ જાણતી હતી. એક વિભિષણ ને બીજી ત્રિજટા રાક્ષસી, જે સીતાજીની રખેવાળી કરવા પહેરેદાર હતી. આ ત્રિજટાને તેનું રાક્ષસ કુળ હોવાથી તેની ઓળખ માટે 'રાક્ષસી' લખ્યું છે બાકી સીતાજી પણ તેને 'માતા'ના નામથી સંબોધતા.

સીતાજીએ જ્યારે પોતાની વ્યથા ઠાલવતા કહ્યું કે, 'મા યુદ્ધમાં રાવણનો ક્યારે અંત આવશે ? કેટલાય દિવસ થયા તે મરતો નથી?' ત્યારે ત્રિજટાએ જવાબ આપ્યો કે, 'પુત્રી રાવણને મારતા રામે એક ક્ષણ માત્ર લાગે. પણ રાવણ રાત-દિન અહર્નિશ તમારું રટણ કરતો રહે છે, જેથી રામ તેને બાણ મારવા ઇચ્છુક નથી. તમારા રટણથી છૂટશે ત્યારે રામ પ્રહાર કરે ત્યારે એ મૃત્યુ પામે.

વિભીષણ પણ જાણતો હતો કે તેના નાભિકમલમા અમૃતકુંભ છે. જો અમૃતકુંભનો નાશ થાય તો તેનું મૃત્યુ થાય. વિભીષણે આ વાત શ્રીરામને બતાવી એટલે 'સગ઼ો ભગ઼ો સાલખ વટ, નેં કનમેં ચેં ઇ ગાલ.' જેવો શબ્દ પ્રયોગ થયો છે. એટલે તો શ્રી રામે એક સાથે એકત્રીસ બાણ છોડયા, દસ માથા, વીસ ભુજા અને એકત્રીસમું બાણ તેની નાભિકમલ પર, અને રાવણનું મૃત્યુ થયું.

લોકસાહિત્યકાર કહે છે કે જડેં છણી પ્યો છેલ, ઇ વડા વિજીને રાડ઼, તડેં સગ઼ેજે પેટમેં, ઊની પિઇ ઉછકાર.' ત્યારે ભાઇ વિભિષણ મોટેથી રોવા માંડ્યો એ વાત અહીં આલેખાઇ છે.

આ પિરૂલીમાં કવિ સૌને સવાલ કરે છે કે, 'ક્યો સાલખ ? ક્યો સગો ? ક્યો ઘુરક્યો તે ઘુરનાર ?' અહીં તેમણે શ્રીરામને સાલખ કહ્યાં છે, જ્યારે વિભિષણને સગો કહ્યો છે. અને 'ઘુરક્યો તે ગુરનાર' એટલે રાવણનો ઉલ્લેખ છે.

હવાના સૂસવાટા થંભી ગયા હતાં. અંધારાની કાળાશ ઘટ્ટ થવા લાગી હતી, પીપળો જાણે કાળાશ ગળી ગયો હોય તેથી તે ઓળા જેવા પડછાયા જેવો ભાસતો હતો.

અભેસંગે કાભે છોડી એટલે સહુ અહીંથી ઊઠી જવાનો સંકેત સમજી જય ભીમનાથના નારા સાથે સહુ ઘર તરફ જવા લાગ્યા.

પુસ્તક 'પિરૂલી પ્રધાનજી-૨'માંથી સાભાર

## કચ્છી મુકતક

કવિ-'તેજ'

કવિના પુસ્તક 'તેજ જો અવાજ –૨' માંથી

સજણ ન આયા સિકધેં,
સોણેં ગુજારેઆ ડીં;
સેજેં મારાંઠો ભલો,
જ મુંધેં વસેં ન મીં !

## કચ્છી ચોવક – ૪૩

અરવીંદ રાજગોર (મો: ૯૯૮૭૯૬૫૭૯૮)



### ગજે તિત ગિરાસ, નેં વસે તિત વાસ.

અજ ડાડાજી કે પુતરા પુછ્યોં ડાડાજી
"ગજે તિત ગિરાસ નેં વસે તિત વાસ" જો ભતલભ
કુરો? ડાડાજી ચ્યોં ઈ કચ્છી ચૉવક આય.
ગજે ઇતરે ગજણું જુકો ગજી બુજે ઉ માડુ
ગિરાસીયો થી સગે ઇતરે ગિરાસ ઉભો કરે ગિને
નેં ઉત વસે ત ઇનજો રેણાંક પણ થી રે.
મુંભઈ મેં કઈક એડા માડુ અંઈ જેં વટે કીં નં હૂવો
અજ પિંઢજી ચાલું ઉભી કરે માલક ભની વિઠા
અંઈ. એડા હૂવેં ઇનીલા હી કચ્છી ચૉવક આય
"ગજે તિત ગિરાસ નેં વસે તિત વાસ".
ગજે -ગરજવું. ગિરાસ -ગરાસ મળેલી જમીન.
વાસ -વસવાટ.

## अज जी चोवक – ४५

### धूड़ चिपटीसें फेर पिइ विञे ।

:: ભાવાર્થ ::

**સારવારનું પરિણામ શું આવે કંઈ કહેવાય નહીં. ફરક પડવાનો હોય, નસીબ પાધરું હોય તો મામૂલી ઈલાજ પણ કારગર (સફળ) નીવડી શકે.**

:: શબ્દાર્થ ::

धूड़ चिपटीसें : ચપટી ધૂળ, મામૂલી ઈલાજ

फेर : ફરક  पिइ विञे : પડી જાય

–: સંકલન :–

ડૉ. વિશન નાગડા તથા લક્ષ્મીચંદ ગોગરી

અજ જી ચોવક – ૪૫

ડૉ. વિસન નાગડા

(મો: ૯૮૨૦૪૫૬૮૯૯)

## શું તમે જાણો છો ?

# જટાયુ નેચર પાર્ક



કેરળના કોલ્લમ જિલ્લામાં ચડયમંગલમ ખાતે એક ઊંચા ખડક પર સ્થિત વિશ્વનું સૌથી મોટું પક્ષીનું શિલ્પ (૨૦૦ ફિટ લાંબુ, ૧૫૦ ફિટ પહોળું, ૭૦ ફિટ ઊંચું) જે જટાયુ પક્ષીનું છે. આ જટાયુ અર્થ્સ સેન્ટર એટલે કે જટાયુ નેચર પાર્ક એક ઇકો-ટુરિઝમ મ્યુઝિયમ છે જ્યાં જવા તમારે ટેકરી પર ૧ કિ.મી. કે ૮૬૦ પગલાં ચાલવા પડશે અથવા તમે કેબલ કાર રાઇડ પણ લઇ શકો છો. અહીં રોક ક્લાઇમ્બિંગ, ઝિપલાઇનિંગ, ટ્રેકિંગ જેવી પ્રવૃતિઓ પણ થાય છે. આ સ્થળ કોલ્લમ શહેરથી ૩૮ કિ.મી. અને ત્રિવેન્દ્રમથી ૫૧ કિ.મી.ના અંતરે છે. દૂર છે.

આ તો થયું આજનું જટાયુ અર્થ્સ સેન્ટર પરંતુ આની કથા રામાયણ સાથે જોડાયેલ છે. જટાયુનું નામ આવતા જ સીતામાતાનું હરણ કરતા રાવણને પડકારનાર બહાદુર પક્ષી જટાયુનું એક રેખાચિત્ર આંખ સામે ઉપસી આવે છે.

દેશ કે દુનિયામાં ભાગ્યે જ કોઇ એવી વ્યક્તિ હશે જેણે પોતાના વડીલો પાસેથી પૌરાણિક કથાઓ ન સાંભળી હોય. દાદીમાની વાર્તામાં આવતા રામના માટે લંકાપતિ પર હુમલો કરનારતેને પડકાર ફેંકનાર જટાયુની વાર્તાઓમાંથી પ્રેરણા લઇને આ નેચર પાર્ક બન્યું છે. રાવણ દ્વારા અપહરણ કરાયેલ સીતાને બચાવવા માટે રાવણ સાથે યુદ્ધ કરતી વખતે ઘાયલ થઇને જટાયુ આ જ ચડયમંગલમની પહાડીઓમાં પડવાની દંતકથાઓ છે.

એવું કહેવાય છે કે આ પ્રતિમા ત્યાં જ સ્થાપિત છે જ્યાં જટાયુ એક વખત પડ્યો હતો. આ પાર્કની અંદર એક મોટો ખડક પણ છે જે આ એ અદભૂત અને વિચિત્ર દશ્યનો સાક્ષી બન્યો હશે એમ માનવામાં આવે છે.

આ પાર્કમાં જટાયુની એક પહાડ પર બનેલી પ્રતિમા છે. આ પ્રતિમાની અંદર જ એક મ્યુઝિયમ છે, ૬-ડી થિયેટર પણ છે અને તે ઉપરાંત તેની અંદર અનેક ટેકનિકલ અજાયબીઓ પણ સામેલ કરવામાં આવેલ છે.

**વડોદરાના કચ્છી સમાજોને અપીલ છે કે 'સમાજ દર્શન'નો મૂળ ઉદ્દેશ આપણે સહુ એકસૂત્રે જોડાઇને દરેક સમાજની માહિતી મેળવીએ તથા એકબીજાને મદદરૂપ થઈએ. આ મેગેઝિન બધાને શેર કરો તથા સમાજના સમાચારો નિયમિતરૂપે અમને મોકલો.**

## જાણો ને અપનાવો...

# હાર્ટ એટેક વખતે પ્રાથમિક સારવાર



હૃદયરોગના હુમલો એટલે કે હાર્ટ એટેક અણધારી રીતે આવતો હોય છે. ત્યારે શરૂઆતની થોડી મિનિટોમાં જો યોગ્ય પગલા લેવામાં આવે તો તે ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઇ શકે છે.

હાર્ટ એટેકના કેસમાં સમય સાચવવો ખૂબ જ અગત્યનો છે. હાર્ટ એટેકની પ્રાથમિક સારવારમાં પહેલું અગત્યનું પગલું એ છે કે શક્ય તેટલી વહેલી તકે હાર્ટ એટેક સુવિધાઓથી સજ્જ નજીકની હોસ્પિટલમાં પહોંચવું. પ્રાથમિક સારવાર કે ઘરગથ્થુ ઉપાયોમાં આપણે જેટલો લાંબો સમય કાઢીશું તેટલું હૃદયના સ્નાયુઓને નુકસાન થાય છે.

આવી કોઇ વ્યક્તિને મદદ કરતા પહેલા, ચેતવણીના ચિહ્નોને ઓળખવા મહત્વપૂર્ણ છે. હાર્ટ એટેકના લક્ષણોમાં છાતીમાં જકડાઇ જવું કે ભારેપણું, છાતી, જડબા, ખભા, ગરદન, પીઠ, હાથ અથવા પેટમાં સતત દુખાવો, ઠંડો પરસેવો, શ્વાસ લેવામાં તકલીફ, ઠંડી પડતી ત્વચા, ધબકારા, ચક્કર અથવા ઉબકાનો સમાવેશ થાય છે. જો થોડીક પણ શંકા થાય કે કોઇને હાર્ટ એટેક આવી રહ્યો છે, તો તાત્કાલિક ઇમરજન્સી હેલ્પલાઇન પર કોલ કરો. દરેક મિનિટ મહત્વની ગણાય છે.

હાર્ટ એટેક પછીની પ્રથમ ૬૦ મિનિટ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ સમય દરમ્યાન થયેલ સારવાર હૃદયને થયેલા નુકસાનને સંપૂર્ણપણે ઉલટાવી શકે છે.

મદદ આવે ત્યાં સુધી લેવાના પ્રાથમિક પગલાં:

વ્યક્તિને શાંત કરો અને બેઠેલા રાખો.

એમ્બ્યુલન્સ આવે ત્યાં સુધી શ્વાસ ને નાડીનું નિરીક્ષણ કરો.

વ્યક્તિને છાતીમાં દુખાવા માટે કોઇ દવા ચાલૂ છે કે નહીં તે તપાસો અને તેને તે લેવામાં મદદ કરો.

જો દર્દીને એલર્જી ન હોય તો એસ્પિરિન આપો. આ ગોળી ચાવવાથી લોહી પાતળું થાય છે અને હૃદયને નુકસાન ઓછું થાય છે.

ઘણા કિસ્સાઓમાં જીભ નીચે સોર્બિટ્રેટ ગોળીઓનો ઉપયોગ પણ કરી શકાય છે પરંતુ તે તુરંત મળવી જોઇએ.

વ્યક્તિના વધુ ચુસ્ત કપડાં હોય તો તેને ઢીલા કરો.

જો વ્યક્તિ બેભાન થઇ જાય અને સામાન્ય રીતે શ્વાસ ન લઇ રહી હોય તો એક હાથનો પંજો છાતીના મધ્યમાં રાખો, બીજો હાથ ઉપર રાખો અને પ્રતિ મિનિટ લગભગ ૧૦૦-૧૨૦ વાર તેને છાતી સુધી લાવો. જ્યાં સુધી મદદ ન આવે કે દર્દી ભાનમાં આવી સામાન્ય શ્વાસ લે ત્યાં સુધી ચાલુ રાખો.

કોઇપણ વ્યક્તિને શંકા હોય કે તેમને હાર્ટ એટેક આવી રહ્યો છે તો તેમના માટે સલાહ:

તાત્કાલિક કટોકટી સેવાઓને કોલ કરો.

જાતે વાહન ચલાવતા હો તો તુરંત કોઇ બીજાને વાહન ચલાવવા આપો.

હાર્ટ એટેક દરમિયાન એસ્પિરિનની ગોળી ચાવવાથી લોહી જામવાથી બચી શકાય છે. હૃદયરોગના દર્દીએ આ ગોળી હાથવગી રાખવી જરૂરી છે.

યાદ રાખો, હાર્ટ એટેક એક તબીબી કટોકટી છે. ઝડપી કાર્યવાહી, ચેતવણીના ચિહ્નોને ઓળખવા અને પ્રાથમિક સારવારના પગલાંને યોગ્ય રીતે અનુસરવાથી જીવન બચાવી શકાય છે.

(નોંધ: આ લેખ ફક્ત માહિતીના હેતુ માટે છે અને વ્યાવસાયિક તબીબી સલાહનો વિકલ્પ નથી.)

# ચાર કથાઓ નોન-સ્ટોપ... (ઇન્ટરનેટ પરથી)

## તેની ગેરહાજરીમાં દરેક ક્ષણ અધૂરી લાગે છે.

મારા લગ્નને છ વર્ષ થયા હતા. મારા પતિ, રાકેશ, એક સામાન્ય માણસ હતા. તે એક બેંકમાં કામ કરતા હતા અને તેમની આખી દુનિયા અમારા નાના ઘર અને પરિવાર સુધી મર્યાદિત હતી. તેમના મોટા સપના નહોતા અને તેમની આદતો અને શબ્દો પણ મને સામાન્ય લાગતા હતા. હું ઘણીવાર વિચારતી કે કાશ મેં કોઈ વધુ ઉત્તેજક અને અલગ વ્યક્તિ સાથે લગ્ન કર્યા હોત.

અમારા સંબંધમાં અંતર હતું અથવા કદાચ મારામાં દ્વેષ હતો. જ્યારે પણ રાકેશ મારી નજીક આવતો, ત્યારે મને લાગતું કે તે ફક્ત શારીરિક સંતોષ ઇચ્છતો હતો. આ વિચાર ધીમે ધીમે મારામાં મૂળ જમાવી દેવા લાગ્યો. મેં ક્યારેય તેની કદર નહોતી કરી. હું નાની નાની બાબતોમાં તેને અટકાવતી. તેની વાતો મને ઘણી વાર પરેશાન કરતી. જ્યારે હું આધુનિક કપડાં પહેરીને બહાર જતી અને તે કહેતો, 'તમે શું પહેરો છો તેનું ધ્યાન રાખો.' ત્યારે હું તેને અવગણતી. તેના વિચારો જૂના જમાનાના હતા.

એક દિવસ, રાકેશ વહેલા ઉઠ્યો ને કામ માટે તૈયાર થઈ રહ્યો હતો. મેં જોયા વગર કહ્યું, 'ઓફિસથી પાછા ફરતી વખતે શાકભાજી લાવો, તમે દરેક વખતે ભૂલી જાઓ છો.'

તે હસ્યો, માથું હલાવ્યું અને દરવાજામાંથી બહાર નીકળી ગયો. પરંતુ તે દિવસ અમારા જીવનનો સૌથી ખરાબ દિવસ હતો. રાકેશ ક્યારેય પાછો ફર્યો નહીં. ઓફિસ જતી વખતે રોડ અકસ્માતમાં તેનું મૃત્યુ થયું. જ્યારે પોલીસની ગાડી ઘરની બહાર આવી અને સમાચાર આપ્યા, ત્યારે મારા પગ નીચેથી જમીન સરકી ગઇ.

થોડા દિવસો બાદ મને ખબર પડી કે રાકેશે અમારા નામે એક કરોડ રૂપિયાનો વીમો કાઢ્યો છે. સંબંધીઓએ કહ્યું, 'જુઓ, રાકેશે ખૂબ સારું કામ કર્યું છે. તેણે તમારું ને બાળકોનું ભવિષ્ય સુરક્ષિત કર્યું છે.' પણ તે પૈસા મારા માટે કોઇ કામના નહોતા.

મેં વિચાર્યું, 'તે એક કરોડ રૂપિયાથી હું શું ખરીદી શકું ? તેનું સ્મિત ? તે ચા બનાવીને મારી પાસે લાવતો હતો તે ? તે બાળકો સાથે રમી રહ્યો હતો તે ? રોજ સાંજે ફોન, જેમાં તે પૂછતો, 'તમને કંઇ જોઇએ છે ?'

આજે, રાકેશ ગયો છે ત્યારે હું આધુનિક કપડાં પહેરતા પહેલા બે વાર વિચારું છું. જ્યારે તે આસપાસ હતો, ત્યારે મને ક્યારેય કોઇની નજરોની ચિંતા કરવાની જરૂર નહોતી. હવે, તેની ગેરહાજરીમાં, બધું અધૂરું લાગે છે. તેના ગયા પછી, દરેક નાની વસ્તુ જે મને તે સમયે સામાન્ય લાગતી હતી તે મારા માટે ખાસ બની ગઇ છે. સવારે ઉઠું છું, ત્યારે તેનો ચાનો કપ ખાલી લાગે છે. હું ગુસ્સે થાઉં, ત્યારે તેની મજાકિયા વાતો યાદ આવે છે.

દર મહિને, રાકેશ મારા માટે મારી પસંદગીની સાડી ખરીદતો. હું ફરિયાદ કરતી, 'પૈસા બચાવો,' અને તે હસીને કહેતો, 'હું ફક્ત તમારા સ્મિત માટે આટલું બધું ખર્ચ કરી શકું છું.' આજે, તે યાદો મને રડાવે છે.

હવે હું સમજું છું કે તેના સરળ શબ્દો મારા જીવનનો પાયો હતો. દરેક નાની વસ્તુમાં તેણે જે પ્રેમ બતાવ્યો તે સૌથી કિંમતી હતો. આજે, જ્યારે હું મારી આસપાસની સ્ત્રીઓને તેમના પતિ વિશે ખરાબ બોલતી જોઉં છું, ત્યારે હું ફક્ત આ કહેવા માંગુ છું – વિચારો કે જો તમારા પતિ તમારી સાથે ન હોય તો તમારી દુનિયા કેવી હોત ?

પ્રેમ શું છે તે કાશ, મેં આ પહેલા સમજી લીધું હોત. પણ હવે, તેની ગેરહાજરીમાં, દરેક ક્ષણ અધૂરી લાગે છે.

## મારો હિસાબ ચૂકવો...

એક મહિલા થોડી ગભરાયેલી અને ગભરાયેલી લાગતી ડૉ. શર્માના ક્લિનિક પર દોડીને પહોંચી.

ડોક્ટરનું ધ્યાન એ સુંદર સ્ત્રી પર ગયું અને તેમણે તેણીને બોલાવી. 'મેડમ, બોલો તમને શું સમસ્યા છે ?' ડૉ.એ પૂછ્યું. (ડૉ. સાહેબ સ્ત્રીઓ ખાસ કરીને રૂપાળી સ્ત્રીઓ પ્રત્યે થોડા સંવેદનશીલ હતા.)

સ્ત્રી: 'સાહેબ, મને કોઇ સમસ્યા નથી. સમસ્યા મારા પતિ સાથે છે. મને લાગે છે કે તે માનસિક રીતે બીમાર થઇ ગયા છે .'

ડૉ: 'ઓકે, તે શું કરે છે ? તમને માર મારે છે કે ખરાબ વર્તન કરે છે ?'

સ્ત્રી: 'ના, ના, તે મને ધમકી આપે છે અને એમ કહ્યા કરે છે... મારો હિસાબ ચૂકવો... મારો હિસાબ ચૂકવો...'

ડૉ: 'તમે ચિંતા કરશો નહીં, તમારા પતિ સાથે આવ્યા છે ?'

સ્ત્રી: 'ના, હું તેમને મારી સાથે નથી લાવી શકી; તે ઘરે છે.'

ડૉ: 'ઓકે, હું સમજી ગયો. તે તમારી સાથે આવતા ગભરાતા હશે.'

ડૉ. સાહેબે દરેક સુંદર સ્ત્રી સાથે ગાઢ સંબંધ વિકસાવ્યો હતો.

સ્ત્રી: 'જો તમે તમારી કાર અને ડ્રાઇવરને મારી સાથે મોકલો છો, તો હું મારા પતિને સરળતાથી લાવી શકીશ.'

ડૉક્ટરે તેના ડ્રાઇવરને મેડમ સાથે જવાનો આદેશ આપ્યો. મહિલા ક્લિનિકમાંથી નીકળી, કારમાં બેસી ગઇ અને ડ્રાઇવરને એક મોટી જ્વેલરી શોપ પર લઇ જવાનું કહ્યું. જ્વેલરી શોપ પર પહોંચ્યા પછી મહિલા દુકાનમાં ગઇ. ઝડપથી તેણીએ ખૂબ જ સરસ મોંઘો સેટ પસંદ કર્યો, તેને પેક કર્યો અને જ્યારે પૈસા ચૂકવવાનો સમય આવ્યો ત્યારે મહિલાએ કહ્યું, 'હું ડૉ. શર્માની પત્ની છું. અમારે આ સેટ આજે જ મારી ભત્રિજીને ભેટ આપવાનો છે. એમનાથી ક્લિનિકમાંથી નીકળાય તેમ ન હતું હું આવી. ઉતાવળમાં પર્સ રહી ગયું છે. કૃપા કરીને તમારી દુકાનમાંથી કોઇને મારી સાથે મોકલો તો ડૉ. સાહેબ ચુકવણી કરી દેશે.'

જ્વેલરી શોપના માલિકે વિચાર્યું, 'રકમ મોટી છે અને ઘરાક પણ મોટો છે. તેથી મારે જાતે જવું જોઇએ.' એમ વિચારી તે જાતે કારમાં બેસી ગયો. મહિલાએ કહ્યું, 'મારે અહીં નજીકમાં મેક-અપ કરાવવો છે.' તેણે ડ્રાઇવરને કહ્યું કે, 'આમને સાહેબ પાસે લઇ જા, હું તેમની સાથે વાત કરી લઉં છું.'

ડ્રાઇવર જ્વેલરને ક્લિનિક પર લઇ ગયો ને ડૉક્ટરને કહ્યું, 'મેડમે આ સજ્જનને મોકલ્યા છે.' ડોક્ટરે આવેલ સજ્જનને જોયા, હાથ મળાવ્યા ને કહ્યું,'બોલો સાહેબ, તમે કેમ છો ?'

જ્વેલર બોલ્યો, 'હા, સાહેબ, હું ઠીક છું. તમે મારો હિસાબ ચૂકવો... મારો હિસાબ ચૂકવો...!!!'

## મદદ

એક કંપનીમાં બોસ દર ૨૫મી ડિસેંબરના રોજ એનાં ૩૦૦ માણસોના સ્ટાફ પાસેથી એક-એક હજાર ઉઘરાવીને ૩ લાખ જમા કરતો અને એમાં પોતાનાં તરફથી ૩ લાખ ઉમેરીને ૬ લાખની લોટરી ડ્રો કાઢતો. એમાં જેનું નામ નીકળતું, એને ૬ લાખ બક્ષિસરૂપે મળતાં.

એ દિવસે કંપનીમાં ઝાડુવાળી બાઇને રૂપિયાની બહુ જરૂર હતી, એનાં દિકરાનું ઓપરેશન હતું. આ તો જાણે એક જુગાડ હતો, એનું નામ ન નીકળે તો ઉપરથી એને હજારનું નુકસાન થાય એમ હતું, છતાં એણે જોખમ લીધું અને ભગવાનને પ્રાર્થના કરતી રહી લોટરી એને જ લાગે. મેનેજરને એની દયા આવતી હતી. એ પણ ચાહતો હતો કે ઇનામ એને જ લાગે.

એણે યુક્તિ કરીને નામની કાપલી પર પોતાના નામને બદલે એનું નામ લખી કાપલી બોક્ષમાં નાખી દીધી અને મનોમન પ્રાર્થના કરી કે ઇનામ એને જ લાગે. આમ તો ૩૦૦ માણસમાં આમ કરવાથી ઇનામ એને જ લાગે એવી શક્યતા બહુ ઓછી હતી.

બધાની કાપલી એકઠી થયા બાદ લોટરીના ડ્રોનો સમય થતાં બોસે એક કાપલી કાઢી. કામવાળી અને મેનેજર, બન્નેની ધડકન વધી ગઇ. કોનું નામ નીકળશે, એની આતુરતાથી રાહ જોઇ રહ્યાં. એક જ પળમાં બોસે વિજેતાનું નામ ઘોષિત કર્યુ અને જાણે ચમત્કાર થયો. એ નામ કામવાળી બાઇનું હતું. એની આંખમાં હરખના આસું આવ્યા. મેનેજરની આંખો પણ ભીની થઇ ગઇ.

બોસે કામવાળી બાઇને ઇનામની રકમનું કવર આપ્યું. એણે આંખમાં આસું સાથે કહ્યું કે, 'હવે મારા દીકરાને કોઇ ભય નથી, હું મારા દીકરાનું ઓપરેશન કરાવી શકીશ. સાચે હું બહુ નસીબદાર છું. મારા પર ભગવાનની અસીમ કૃપા છે.'

મેનેજર અમસ્તા જ લોટરી બોક્ષની બાજુમાં જઇને ઉભા રહ્યાં અને કૌતુક ખાતર એમણે બીજી કાપલી કાઢીને જોઇ તો એની આંખો આશ્ચર્યથી પહોળી થઇ ગઇ. બીજી કાપલીમાં પણ કામવાળી બાઇનું જ નામ હતું. એમણે ત્રીજી કાપલી કાઢી ને જોઇ તો એમાં પણ એ જ નામ ! પછી તો એમણે એક પછી એક તમામ કાપલી જોઇ તો દરેકે દરેકમાં એ જ નામ લખેલું હતું.

એમની છાતી ગર્વથી ફૂલાઇ ગઇ. ઓફિસના બધાં કર્મચારીઓએ મૂક રહીને એને મદદ કરી હતી. એ લોકો ચાહત તો લોટરી ડ્રો કર્યા વગર એને હાથમાં રોકડ રકમ આપી મદદ કરી શક્યાં હોત, પણ એમ ન કરતાં એમણે એને પોતાની હકની રકમ મળી હોય એવી રીતે મદદ કરી જેથી એને લાચારીનો એહસાસ ન થાય, એનાં માનનું હનન ન થાય.

## ટેકનૌલૌજી

જાપાનમાં, એક સાબુ બનાવતી કંપનીમાં સાબુના બ્લોક બનાવવામાં આવતા હતા. તૈયાર થયા બાદ મસ મોટી એસેમ્બલીમાં કન્વેયર બેલ્ટ પર આપમેળે રેપિંગ પેપરમાં લપેટી લેવામાં આવતા અને અંતે કાર્ટનમાં પેક કરવામાં આવતા હતા.

ઘણી વખત એવું બન્યું કે રેપિંગ મશીન સાબુ વગર કાગળને લપેટી લેતું હતું. એટલે કે ઘરાક પાસે સાબુ વગરનું ખાલી પેકેટ જ જતું. આ સમસ્યાને સુધારવા માટે જાપાની કંપનીએ યુ.એસ.થી ૬૦,૦૦૦ ડોલરમાં એક્સ-રે સ્કેનર ખરીદ્યું જેથી એસેમ્બલી લાઇન પર તપાસ કરી શકાય કે કન્ટેનરમાં સાબુ છે કે નહીં અને તે ખાલી નથી.

ભારતના અમદાવાદમાં નિરમા સોપ્સમાં પણ આવી જ સમસ્યા થઇ... વિચારો કે તેઓએ શું કર્યું ????

તેમનો મેઇનટેનન્સ એન્જીનીયર અમદાવાદના પોળમાં રહેતા કાનજીકાકાનો ચકો ! તેણે લગભગ ૧૫૦૦ રૂપિયાનો બજાજનો સટેન્ડવાળો પંખો ખરીદ્યો અને તેને એસેમ્બલી લાઇનની ધાર પર બોક્સ પેકિંગ પાસે મૂક્યો.

અહીં તેની હવાથી સાબુ વગરના ખાલી રેપર ઉડી જવા લાગ્યા ! બોલો અને તમે કહો છો કે વિદેશીઓ ટેકનોલોજીમાં આપણાથી આગળ છે. આપણે છીએ અવિશ્વસનીય તેજસ્વી ભારતીયો...